Pages 8 કિંમત Rs. 2/- email : gujarati@westerntimes.co.in www.westerntimesnews.in

અમદાવાદથી પ્રસિધ્ધ થતું અંગ્રેજી અને ગુજરાતી દૈનિક

# વેસ્ટર્ન ટાઇમ્સ

સ્થાપક તંત્રી: સ્વ. રામુ પટેલ તંત્રી : નિકુંજ પટેલ WESTERN TIMES (AHMEDABAD) ગુજરાતી ડેઈલી

Postal Reg. No. G-GNR-320
Valid upto 31-12-2023
Posting at RMS Ahmedabad

સોમવાર, તા.૨૨ મે, ૨૦૨૩

22/5/2023 * VOL : 43 * NO. 247 સંવત- ૨૦૭૯, જેઠ સુદ-૩

Owned, Printed & Published by Nikunj R. Patel on behalf of Western Times Pub. Pvt. Ltd. Printed at & Published from Western Times Pub. Pvt. Ltd. Survey No. 1315P, Opp. Ramapir Temple, Shilaj, Ahmedabad Editor : Nikunj R. Patel
RNI Regn. No. GUJ/46323/86. Reg. Office : 301, 3rd Floor, Gala Argos, B/h. Hari Krupa Tower, Ellisbridge, Ahmedabad-380 006. (Gujarat) ફોન : ૦૭૯-૨૬૪૦ ૨૮૮૦, જાહેરાત : ૦૭૯-૨૬૪૦ ૨૮૮૧

આજનો સુવિચાર

આકાંક્ષા રાખવી ખોટી નથી પણ એમાં મર્યાદા હોવી જોઈએ

# દુશ્મનાવટ, દુશ્મનીથી નહીં આત્મીયતા દ્વારા શાંત થાય: મોદી

## વડાપ્રધાનનું જી-૭ સમિટના કાર્યકારી સત્ર ૯માં સંબોધન

**નવી દિલ્હી,** જાપાની મુલાકાતે ગયેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જી૭ સમિટના કાર્યકારી સત્ર ૯માં જણાવ્યું હતું કે, આજે આપણે યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કી પાસેથી સાંભળ્યું. હું ગઈ કાલે પણ તેમને મળ્યો હતો. હું વર્તમાન પરિસ્થિતિને રાજકારણ કે અર્થવ્યવસ્થાનો મુદ્દો નથી માનતો. હું માનું છું કે તે માનવતાનો મુદ્દો છે, માનવીય મૂલ્યોનો મુદ્દો છે. અમે શરૂઆતથી જ કહ્યું છે કે સંવાદ અને મુત્સદ્દીગીરી જ એકમાત્ર માર્ગ છે. અને આ પરિસ્થિતિને ઉકેલવા માટે ભારત તરફથી જે પણ થઈ શકે છે એવો અમે શક્ય તેટલો પ્રયાસ કરીશું.દુશ્મનાવટથી દુશ્મની શાંત થતી નથી, શત્રુતા આત્મીયતા દ્વારા શાંત થાય છે. આ ભાવનામાં આપણે સૌ સાથે મળીને આગળ વધવું જોઈએ.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વૈશ્વિક શાંતિ, સ્થિરતા અને સમૃદ્ધિ એ આપણા બધાનો સમાન ઉદ્દેશ્ય છે. આજના એકબીજા સાથે જોડાયેલા વિશ્વમાં, કોઈપણ એક ક્ષેત્રમાં તણાવ બધા દેશોને અસર કરે છે. મર્યાદિત સંસાધનો ધરાવતા વિકાસશીલ દેશો સૌથી વધુ પ્રભાવિત થાય છે. વર્તમાન વૈશ્વિકતાને કારણે પરિસ્થિતિ, ખોરાક, બળતણ અને ખાતરની કટોકટીની મહત્તમ અને સૌથી ગંભીર અસરો આ દેશો ભોગવી રહ્યા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, વિચારવા જેવી વાત છે કે શા માટે આપણે અલગ-અલગ ફોરમ પર શાંતિ અને સ્થિરતાની વાત કરવી પડે છે? શાંતિ સ્થાપવાના વિચાર સાથે શરૂ થયેલી યુએન આજે સંઘર્ષને રોકવામાં કેમ સફળ નથી? શા માટે, યુએનમાં આતંકવાદની વ્યાખ્યા પણ સ્વીકાર કરવામાં આવી નથી? આત્મમંથન કરીએ તો એક વાત સ્પષ્ટ થાય છે કે છેલ્લી સદીમાં જે સંસ્થાઓ બનાવવામાં આવી છે તે એકવીસમી સદીની વ્યવસ્થાને અનુરૂપ નથી. તેઓ વર્તમાનની વાસ્તવિકતાઓને પ્રતિબિંબિત કરતી નથી. તેથી જ યુએન જેવી મોટી સંસ્થાઓમાં સુધારાઓ લાગુ કરવામાં આવે તે જરૂરી છે. તેમણે પણ ગ્લોબલ સાઉથનો અવાજ બનવું પડશે. નહિંતર, અમે ફક્ત સંઘર્ષને સમાપ્ત કરવાની વાતો કરતા રહીશું. યુએન અને સુરક્ષા પરિષદ માત્ર એક ચર્ચાની દુકાન બનીને રહી જશે. તે જરૂરી છે કે તમામ દેશો યુએન ચાર્ટર, આંતરરાષ્ટ્રીય કાયદા અને સાર્વભૌમત્વ અને તમામ દેશોની પ્રાદેશિક અખંડિતતાનું સન્માન કરે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોઈ પણ દેશનો ઉલ્લેખ કર્યા વિના વિસ્તારવાદી માનસિકતા ધરાતા ચીન ઉપર આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે, યથાસ્થિતિને બદલવાના એકપક્ષીય પ્રયાસો સામે સાથે મળીને અવાજ ઉઠાવે.

ભારતનો હંમેશા મત રહ્યો છે કે કોઈપણ તણાવ, કોઈપણ વિવાદનો ઉકેલ શાંતિપૂર્ણ રીતે, વાતચીત દ્વારા લાવવો જોઈએ. અને જો કાયદા દ્વારા ઉકેલ મળે તો તેને સ્વીકારવો જોઈએ.

આ ભાવનાથી ભારતે બાંગ્લાદેશ સાથેના તેના જમીન અને દરિયાઈ સીમા વિવાદનો ઉકેલ લાવી દીધો.

તેમણે વધુમાં કહ્યું હતું કે, ભારતમાં અને અહીં જાપાનમાં પણ ભગવાન બુદ્ધને હજારો વર્ષોથી અનુસરવામાં આવે છે.આધુનિક યુગમાં એવી કોઈ સમસ્યા નથી, જેનો ઉકેલ આપણે બુદ્ધના ઉપદેશોમાં શોધી શકતા નથી. વિશ્વ આજે જે યુદ્ધ, અશાંતિ અને અસ્થિરતાનો સામનો કરી રહ્યું છે તેનો ઉકેલ બુદ્ધે સદીઓ પહેલા જ આપી દીધો હતો.

આ ઉપરાંત વડાપ્રધાન નરેન્દ્ર મોદી ક્વાડ લીડર્સ સમિટમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે, ક્વાડ ગ્રૂપિંગે ઈન્ડો-પેસિફિકમાં શાંતિ, સ્થિરતા અને સમૃદ્ધિ સુનિશ્ચિત કરવા માટે એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ તરીકે પોતાને સ્થાપિત કર્યું છે. તેમાં કોઈ શંકા નથી કે ઈન્ડો-પેસિફિક ક્ષેત્ર વૈશ્વિક વેપાર, નવીનતા અને વૃદ્ધિનું એન્જિન છે. આપણે એકમત છીએ કે ઈન્ડો-પેસિફિકની સુરક્ષા અને સફળતા માત્ર પ્રદેશ માટે જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વ માટે મહત્વપૂર્ણ છે.

સહિયારા લોકતાંત્રિક મૂલ્યો પર આધારિત રચનાત્મક કાર્યસૂચિ સાથે અમે આગળ વધી રહ્યા છીએ.



વડાપ્રધાન નરેન્દ્ર મોદી રવિવારે સાંજે પપુઆ ન્યૂ ગિની પહોંચ્યા હતા. રાજધાની પોર્ટ મોરેસ્બીમાં વડાપ્રધાન જેમ્સ મારેપે દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. મારેપે મોદીના પગે પડીને સ્વાગત કર્યું હતું. આ પછી એરપોર્ટ પર જ વડાપ્રધાન મોદીને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું.

## સંક્ષિપ્ત સમાચાર

### બર્થ-ડેના દિવસે નવયુવાનનું હાર્ટ એટેકથી મોત

**(એજન્સી)હૈદરાબાદ,** કોરોના વાયરસથી લોકોમાં હાર્ટ એટેકની ઘટનાઓ વધી છે. ડાન્સ કરતી વખતે અથવા રમતી વખતે લોકોને હાર્ટ એટેક આવે છે. યુવાનોમાં હાર્ટ એટેકનું પ્રમાણ પણ વધ્યું છે. આ દરમિયાન હૈદરાબાદમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અહીં એક સ્કૂલ સ્ટુડન્ટનું કાર્ડિયાક અરેસ્ટથી મોત થયું હતું. વિદ્યાર્થીની ઉંમર માત્ર ૧૬ વર્ષની હતી. ૧૯ મેના રોજ તેને હાર્ટ એટેક આવતા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો, જ્યાં તેનું અવસાન થયું હતું. દર્દનાક વાત એ છે કે તે જ દિવસે વિદ્યાર્થીનીનો જન્મદિવસ હતો અને ઘરમાં ખુશીનો માહોલ હતો. શોકગ્રસ્ત માતા-પિતાએ પ્રતીકાત્મક રીતે બાળકના જન્મદિવસની કેક કાપી અને તેને સચિનના મૃતદેહની બાજુમાં શ્રદ્ધાંજલિ રૂપે મૂકી હતી.

### એક્ટ્રેસ સુચંદ્રા દાસગુપ્તાનું બાઈક એક્સિડેન્ટમાં નિધન

**(એજન્સી)મુંબઈ,** મનોરંજન ઉદ્યોગમાંથી હ્રદયદ્રાવક સમાચાર સામે આવી રહ્યા છે. બંગાળી ફિલ્મોની પ્રખ્યાત ટીવી અભિનેત્રી સુચન્દ્રા દાસગુપ્તાનું એક ભયાનક અકસ્માતમાં નિધન થયું છે. તેના મૃત્યુના સમાચાર સાંભળીને પરિવાર અને ઈન્ડસ્ટ્રી આઘાતમાં છે. ૨૯ વર્ષીય સુચન્દ્રા દાસગુપ્તાએ બાઈક અકસ્માતમાં પોતાનો જીવ ગુમાવ્યો હતો. આ મામલામાં પોલીસનું ઔપચારિક નિવેદન પણ સામે આવ્યું છે, જેમાં આ અકસ્માત કેવી રીતે થયો તે જણાવવામાં આવ્યું છે. મળતી માહિતી મુજબ, એક્ટ્રેસ સુચન્દ્રા દાસગુપ્તા શનિવારે રાત્રે શૂટિંગ કરીને ઘરે પરત ફરી રહી હતી. તેણે ઘરે આવવા માટે ડ્રાઈવિંગ એપ પરથી બાઈક બુક કરાવી હતી. તે રસ્તામાં હતી અને અચાનક તેની બાઈકની સામે એક સાઈકલ સવાર આવ્યો, પછી ડ્રાઈવરે બ્રેક મારી. ત્યારબાદ આ અભિનેત્રી ઉછળીને દૂર પડી ગઈ હતી.

### મુંબઈ ઈન્ડિયન્સે સનરાઇઝર્સ હૈદરાબાદને ૮ વિકેટે પરાજય આપ્યો

**(એજન્સી)મુંબઈ,** કેમરૂન ગ્રીન (અણનમ ૧૦૦ રન, ૪૭ બોલ, ૮ ફોર અને ૮ સિક્સ) ની શાનદાર સદી અને રોહિત શર્માની અડધી સદીની મદદથી મુંબઈ ઈન્ડિયન્સે પોતાની અંતિમ લીગ મેચમાં સનરાઈઝર્સ હૈદરાબાદને ૮ વિકેટે પરાજય આપ્યો છે. આ જીત સાથે મુંબઈના ૧૬ પોઈન્ટ થઈ ગયા છે અને તેની પ્લેઓફની આશા જીવંત છે. જો આરસીબી પોતાની અંતિમ લીગ મેચમાં ગુજરાત સામે હારી જાય અથવા મેચ રદ્દ થાય તો મુંબઈને પ્લેઓફમાં એન્ટ્રી મળી જશે. સનરાઈઝર્સે પ્રથમ બેટિંગ કરતા ૨૦ ઓવરમાં ૫ વિકેટે ૨૦૦ રન બનાવ્યા હતા, જેના જવાબમાં મુંબઈએ ૧૮ ઓવરમાં ૨ વિકેટ ગુમાવી લક્ષ્ય હાસિલ કરી લીધો હતો. આઈપીએલ ઈતિહાસના બીજા સૌથી મોંઘા ખેલાડી કેમરૂન ગ્રીન આજે શાનદાર ફોર્મમાં જોવા મળ્યો હતો.

## જમ્મુ કાશ્મીરમાં જૈશ-એ-મોહમ્મદના આતંકવાદીની ધરપકડ

### જી-૨૦ સમિટ પહેલા ઘાટીમાં ઓપરેશન તેજ બન્યું

**(એજન્સી) શ્રીનગર,** જી-૨૦ મીટિંગ પહેલા નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ જમ્મુ-કાશ્મીરમાં મોટી કાર્યવાહી કરી છે. એજન્સીએ આતંકવાદી ષડયંત્રના કેસમાં જૈશ-એ-મોહમ્મદના એક આતંકવાદીની ધરપકડ કરી છે, જેની ઓળખ કુપવાડા જિલ્લાના મોહમ્મદ ઉબેદ મલિક તરીકે કરવામાં આવી છે. એનઆઈએ રવિવારે આ માહિતી આપી છે. આ આતંકવાદી પાકિસ્તાન સ્થિત જૈશના કમાન્ડર સાથે સતત સંપર્કમાં હતો. તપાસમાં જાણવા મળ્યું છે કે આ આતંકવાદી પાકિસ્તાન સ્થિત કમાન્ડરને ખાસ કરીને સૈનિકો અને સુરક્ષા દળોની હિલચાલ વિશે ગુપ્ત માહિતી આપતો હતો.

આતંકવાદી ઉબેદના કબજામાંથી દસ્તાવેજો મળી આવ્યા છે. એનઆઈએ અનુસાર તે કોઈ મોટા આતંકવાદી ષડયંત્રને અંજામ આપવાનો પ્રયાસ કરી રહ્યો હતો. હકીકતમાં વર્ષ ૨૦૨૨માં એનઆઈએએ ઘાટીમાં આતંકવાદી ષડયંત્રને લઈને એફઆઈઆર નોંધી હતી, એફઆઈઆર પાકિસ્તાની કમાન્ડરની મદદથી ઘાટીમાં અલગ-અલગ આતંકવાદી સંગઠનો દ્વારા નોંધવામાં આવી હતી, જેમાં હવાલા દ્વારા ડ્રગ્સનો પણ ઉલ્લેખ હતો. રોકડ, હથિયારો, આઈઈડી, રિમોટ કંટ્રોલ સંચાલિત સ્ટીકી બોમ્બ અને મેગ્નેટિક બોમ્બ એકત્ર કરીને આતંકવાદી ષડયંત્રને અંજામ આપવાનો ઉલ્લેખ પણ હતો. એનઆઈએના જણાવ્યા અનુસાર આઈઈડીએસ અને વિસ્ફોટકો પાકિસ્તાનથી ડ્રોન દ્વારા સતત ભારતમાં મોકલવામાં આવી રહ્યા હતા, જે અહીં સ્થાનિક રીતે એસેમ્બલ કરવામાં આવી રહ્યા હતા, જેનો ઉપયોગ સુરક્ષા દળો પર હુમલો કરવા અને ખીણમાં લઘુમતીઓને નિશાન બનાવવા માટે થવાનો હતો. આ ષડયંત્ર માત્ર મેન્યુઅલી જ નહીં, પરંતુ કોડવર્ડમાં સોશિયલ મીડિયા એપ્સ પર એકબીજા સાથે વાત કરીને ઘડવામાં આવી રહ્યું હતું.

## નક્સલવાદી કમાન્ડર દિનેશ ગોપ ઝડપાયો

**(એજન્સી)નવી દિલ્હી,** દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે, કેન્દ્રીય એજન્સીઓ સાથે મળીને કુખ્યાત નક્સલવાદી કમાન્ડર દિનેશ ગોપની ધરપકડ કરી છે. આ નક્સલવાદી નેપાળમાં છુપાયેલો હતો. પ્રતિબંધિત નક્સલવાદી સંગઠન પીપલ્સ લિબરેશન ફ્રન્ટ ઓફ ઈન્ડિયાના વડા દિનેશ ગોપે પર ૩૦ લાખ રૂપિયાનું ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં ઝારખંડ પોલીસ દ્વારા ૨૫ લાખ રૂપિયાના ઈનામની જાહેરાત કરવામાં આવી હતી. જ્યારે NIA દ્વારા પાંચ લાખ રૂપિયાનું ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું. ઝારખંડ છત્તીસગઢની પોલીસ ઉપરાંત સીઆરપીએફ અને એનઆઈએ પણ આ નક્સલવાદીને શોધી રહી હતી. દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલ પાસેથી મળેલી માહિતી મુજબ, તાજેતરમાં જ પોલીસને આ નક્સલી વિશે ઈનપુટ મળ્યા હતા. જેમાં જણાવવામાં આવ્યું હતું કે દિનેશ ગોપે દેખાવ બદલીને નેપાળમાં છુપાયેલો છે. આ ઈનપુટના આધારે, દિલ્હી પોલીસે કેન્દ્રીય એજન્સીઓ સાથે મળીને સંયુક્ત ઓપરેશન હાથ ધર્યું અને રવિવારે નેપાળમાં તેના છુપાયેલા ઠેકાણાથી તેને પકડી પાડ્યો. પોલીસે જણાવ્યું કે દિનેશ ગોપે દેશમાં પ્રતિબંધિત સંગઠન પીપલ્સ લિબરેશન ફ્રન્ટ ઓફ ઈન્ડિયાનો વડા છે અને તે ૧૫ વર્ષથી પોલીસની આંખમાં ધૂળ નાખીને ઘટનાઓને અંજામ આપી રહ્યો છે. તે ઝારખંડમાં સૌથી વધુ સક્રિય રહ્યો છે. આવી સ્થિતિમાં ઝારખંડની પોલીસે તેની ધરપકડ કરવા અથવા તેના વિશે માહિતી આપનારને ૨૫ લાખ રૂપિયાનું ઈનામ જાહેર કર્યું હતું. તે જ સમયે, રાષ્ટ્ર વિરોધી ગતિવિધિઓને કારણે તેની શોધ કરી રહેલી NIAએ ભૂતકાળમાં તેની સામે પાંચ લાખ રૂપિયાનું ઈનામ પણ જાહેર કર્યું હતું.

## મેક્સિકોમાં કાર રેસિંગમાં અંધાધૂંધ ફાયરિંગ કરાયું

**(એજન્સી)મેક્સિકો,** ઉત્તર અમેરિકાના દેશ મેક્સિકોથી મહત્વના સમાચાર સામે આવ્યા છે, મેક્સિકોના બાજા કૈલિફોર્નિયામાં ફાયરિંગ થયું છે. એક અજ્ઞાત બંદૂકધારીએ અંધાધુંધ ફાયરિંગ કર્યુ હતુ.

આ ફાયરિંગમાં અત્યાર સુધી ૧૧ લોકો માર્યા ગાયાના સમાચાર હાલ સામે આવી રહ્યા છે. જ્યારે ૯ લોકો ઈજાગ્રસ્ત છે. જે વિસ્તારમાં ફાયરિંગ થયુ તે વિસ્તાર ડ્રગ્સ અને માનવ તસ્કરી માટે બદનામ છે.

મેક્સિકોના બાજા કૈલિફોર્નિયામાં કાર રેસિંગના કાર્યક્રમ દરમિયાન ફાયરિંગની ઘટના બની હતી, આ ફાયરિંગની ઘટનામાં ૧૧ રેસર્સ માર્યા ગયા છે.

બાજા કૈલિફોર્નિયાના સ્ટેટ અટૉર્ની જનરલના કાર્યાલય ઈનુસાર,, એનએનડા શહેરના સૈન વિસેંટ વિસ્તારમાં ઑલ ટેરેન કાર રેસિંગ દરમિયાન આ ફાયરિંગ થયુ હતુ.રોયટર્સની એક રિપોર્ટ મુજબ, ૯૧૧ને એક ફોન આવ્યો હતો, તે અનુસાર લાંબી બંદૂક લઈને એક ગ્રે વાનમાંથી કેટલાક લોકો બહાર આવ્યા હતા.

## રૂ. ૨૦૦૦ની નોટ બદલવા કોઈ આઈડી બતાવવાની જરૂર રહેશે નહીં

**(એજન્સી)નવી દિલ્હી,** ભારતીય રિઝર્વ બેંકે ૨૦૦૦ રૂપિયાની નોટને ચલણમાંથી પાછી ખેંચવાનો નિર્ણય લીધો છે. આરબીઆઈના નિર્ણય બાદ તમારે ૨૦૦૦ રૂપિયાની નોટ બદલવા અથવા જમા કરાવવા બેંકમાં જવું પડશે. નોટ બદલવા માટે આરબીઆઈએ બેંકોને રોકડ જમા નિયમોનું પાલન કરવાનું કહ્યું છે. મંગળવાર ૨૩ મેથી બેંકો ૨૦૦૦ રૂપિયાની નોટો બદલવા અને જમા કરવાનું શરૂ કરશે. આ માટે બેંકોએ તૈયારીઓ કરી લીધી છે. એવું માનવામાં આવી રહ્યું છે કે ૨૦૧૬ની જેમ આ વખતે પણ બેંકોની બહાર નોટો બદલવા અથવા જમા કરવા માટે ભીડ એકઠી થશે નહીં. આરબીઆઈની માર્ગદર્શિકાને અનુસરીને બેંકો દ્વારા નોટો બદલવા સંબંધિત પરિપત્ર જારી કરવામાં આવી રહ્યો છે.

આરબીઆઈએ બેંકોને રૂ. ૨૦૦૦ની નોટ બદલવા માટે રોકડ જમા કરવાના નિયમનું પાલન કરવા જણાવ્યું છે. અત્યાર સુધી મળતી માહિતી મુજબ આરબીઆઈ દ્વારા આવું કોઈ ફોર્મ જારી કરવામાં આવ્યું નથી, જેને ભર્યા બાદ જ ૨૦૦૦ની નોટ બદલાશે. બેંકોને આરબીઆઈ તરફથી આવી કોઈ સૂચના મળી નથી, જેમાં લોકોએ નોટ બદલતા પહેલા કોઈપણ ફોર્મ અથવા કોઈપણ સ્લિપ ભરવાની અથવા તેમનું કોઈપણ ઓળખ કાર્ડ આપવું પડશે. એસબીઆઈએ સોશિયલ મીડિયા પર ચાલી રહેલા સમાચારો અંગે સ્પષ્ટતા કરી છે અને કહ્યું છે કે લોકોએ ૨૦૦૦ની ૧૦ એટલે કે, ૨૦૦૦૦ રૂપિયા સુધીની નોટો બદલવા માટે કોઈ ફોર્મ ભરવાનું રહેશે નહીં.

આરબીઆઈએ આ અંગે કોઈ સૂચના જારી કરી નથી. અત્યાર સુધી પ્રાપ્ત માહિતી અનુસાર ૨૦૦૦ની નોટ બદલવા માટે લોકોએ કોઈ ઓળખ પત્ર આપવાની જરૂર રહેશે નહીં. જો કે, આવા ફોર્મ સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહ્યા છે, જેમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે લોકોએ ૨૦૦૦ રૂપિયાની નોટ બદલવા માટે આઈડી બતાવવી પડશે. બેંકોનું કહેવું છે કે ઘણા ઓછા લોકો છે જેમની પાસે બે હજાર રૂપિયાની નોટ છે. એટલા માટે તેમને આશા છે કે તેઓ સરળતાથી નોટો બદલી શકશે અને જમા કરાવી શકશે. જીસૈએ સર્ક્યુલર જારી કરીને કહ્યું છે કે તમારે ૨૦૦૦ રૂપિયાની નોટ બદલવા માટે કોઈ આઈડી બતાવવાની જરૂર રહેશે નહીં. તમે બેંકમાં જઈને સરળતાથી નોટો જમા કરાવી શકશો. નોટો બદલવા માટે તમે તમારી નજીકની બેંક શાખામાં પહોંચો. તમે ત્યાં જઈને સરળતાથી નોટ બદલી શકો છો. જો તમારું એ જ બેંકમાં ખાતું છે, તો તમે તમારા ખાતામાં પૈસા જમા કરાવી શકો છો. ૨૦ હજાર સુધી કોઈ સ્લિપ કે ફોર્મ ભરવાનું રહેશે નહીં. કોઈ આઈડી બતાવવાનું નથી. દ્વરૂઝ ધોરણોને અનુસરીને નોટો સરળતાથી બદલી શકાશે. ઈસૈએ એક દિવસમાં ૨૦૦૦ રૂપિયાની ૧૦ નોટ બદલવાની મંજૂરી આપી છે. જો કે, બેંક ખાતામાં જમા કરાવવાની કોઈ મર્યાદા નથી. તમારી પાસે ૨૩ મેથી ૩૦ સપ્ટેમ્બર સુધીનો સમય છે. એક દિવસમાં ૨૦૦૦૦ રૂપિયા બદલી શકાય છે.

## કર્ણાટક ચૂંટણી જીત્યા પછી પણ હું ખુશ નથી : ડીકે શિવકુમાર

**(એજન્સી)બેંગલુરુ,** કર્ણાટકના નાયબ મુખ્ય પ્રધાન તરીકે શપથ લીધાના એક દિવસ પછી, ડીકે શિવકુમારે રવિવારે કહ્યું કે રાજ્યમાં પાર્ટીની પ્રચંડ જીત પછી પણ તેઓ ખુશ નથી. બેંગલુરુમાં પાર્ટી કાર્યકર્તાઓને સંબોધતા શિવકુમારે કહ્યું કે, અમને વિધાનસભા ચૂંટણીમાં ૧૩૫થી વધુ સીટો મળી છે, પરંતુ હું ખુશ નથી, મારા કે સિદ્ધારમૈયાના ઘરે શુભેચ્છા પાઠવવા ન આવો. બેંગલુરુમાં પાર્ટી કેડરને સંબોધતા કર્ણાટક કોંગ્રેસના અધ્યક્ષ અને રાજ્યના ડેપ્યુટી સીએમ ડીકે શિવકુમારે કહ્યું કે 'અમને વિધાનસભા ચૂંટણીમાં ૧૩૫ બેઠકો મળી, પરંતુ હું ખુશ નથી. ત્યારે શિવકુમારે આમ કેમ કહ્યુ તે અંગે તેમણે ખુદ જણાવ્યું હતુ કે અમારું આગામી લક્ષ્ય લોકસભાની ચૂંટણી છે અને આપણે સારી રીતે લડવું જોઈએ. આથી તેમને અપેક્ષા આ ચૂંટણીથી વધુ હતી કારણ કે આના આધારે જ આગામી ચૂંટણીમાં ભવિષ્ય નક્કી થશે. અગાઉ, કર્ણાટકના સીએમ સિદ્ધારમૈયાએ શિવકુમાર સાથે પૂર્વ પીએમ રાજીવ ગાંધીને તેમની ૩૨મી પુણ્યતિથિ પર બેંગલુરુમાં KPCC કાર્યાલયમાં શ્રદ્ધાંજલિ આપી હતી.

## ઉત્તર પશ્ચિમ, મધ્ય અને પૂર્વ ભારતમાં હીટવેવની આગાહી

**(એજન્સી)નવી દિલ્હી,** મે મહિનામાં ૨૦ દિવસ વીતી ગયા છે, પરંતુ થોડા દિવસોને બાદ કરતાં લોકોને આકરી ગરમીથી ઘણી રાહત મળી છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે લોકોને મળેલી આ તાત્કાલિક રાહત વચ્ચે હવામાન વિભાગે નવી સ્થિતિને લઈને મોટી ચેતવણી જારી કરી છે. ઉત્તર ભારત સહિત દેશના મોટાભાગના વિસ્તારોમાં આગામી બે-ત્રણ દિવસ સુધી આકરી ગરમી પડશે. આઈએમડી અનુસાર, આગામી ત્રણ દિવસ સુધી ઉત્તર પશ્ચિમ, મધ્ય અને પૂર્વ ભારતમાં હીટવેવની સ્થિતિ પ્રવર્તશે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આ પછી ઉત્તર પશ્ચિમ ભારતમાં ત્રણ દિવસ બાદ ગરમીથી રાહત મળશે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે ૨૩ થી ૨૬ મે વચ્ચે સતત ચાર દિવસ સુધી વરસાદનો નવો રાઉન્ડ જોવા મળી શકે છે.

દિલ્હી ઉપરાંત યુપીમાં પણ ૨૩ મેથી ૨૬ મે સુધી વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. રાજસ્થાનમાં ૨૨ થી ૨૪ મે વચ્ચે ધૂળની ડમરીઓ માટે એલર્ટ છે, જ્યારે મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં ૨૨ થી ૨૪ મે વચ્ચે વરસાદની આગાહી કરવામાં આવી છે. ૨૩મી મેના રોજ પશ્ચિમ બંગાળમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ઉત્તર-પૂર્વની વાત કરીએ તો આ રાજ્યોમાં આગામી ૪ દિવસ સુધી હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. આસામ અને મેઘાલયમાં ૨૧-૨૪ મેના રોજ ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે, જ્યારે નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરામાં ૨૪ મેના રોજ ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. બીજી તરફ અરુણાચલ પ્રદેશમાં આજે એટલે કે ૨૧ મેના રોજ વરસાદની આગાહી કરવામાં આવી છે. દેશના મોટા ભાગમાં લોકો આકરી ગરમીનો સામનો કરી રહ્યા છે. તાપમાનનો પારો ૪૦થી ૪૪ ડિગ્રી સેલ્સિયસ વચ્ચે ગગડી રહ્યો છે. તાજેતરના રેપિડ એટ્રિબ્યુશન એનાલિસિસ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે આગામી વર્ષોમાં માત્ર દિલ્હીમાં જ નહીં પરંતુ ઘણા શહેરોમાં મહત્તમ તાપમાન વર્તમાન સ્તર કરતાં ૭-૮ ડિગ્રી વધુ ગરમ થઈ શકે છે.

## ટિકિટ ન હોય તો પણ રેલવેએ પીડિત મુસાફરને વળતર આપવું પડશે

**(એજન્સી)નવી દિલ્હી,** હાલમાં જ કેસના ચુકાદામાં સુપ્રીમ કોર્ટે ખુબ જ મહત્ત્વનું જજમેન્ટ આપ્યું છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, ટ્રેનની ટિકિટ ના લીધી હોય એનો અર્થ એ નથી કે પીડિત વ્યક્તિ મુસાફર નથી રહેતો. ટ્રેનમાં સવાર દરેક વ્યક્તિની જવાબદારી રેલવે વિભાગની છે. જો ટ્રેનમાં સવાર કોઈપણ વ્યક્તિને કોઈપણ પ્રકારના હાનિ પહોંચે તો તેની સંપૂર્ણ જવાબદારી રેલવે વિભાગની રહેશે. રેલ્વે અકસ્માતોના વળતર અંગેના તેના એક ચુકાદામાં સુપ્રીમ કોર્ટે ફરી એકવાર સાચા રેલ્વે મુસાફર હોવાના કાયદાકીય અર્થઘટનની સ્પષ્ટતા કરી છે. જીઝએ ચાલતી ટ્રેનમાંથી પડીને મૃત્યુ પામેલા પેસેન્જરના પરિવારને ૮ લાખ રૂપિયાનું વળતર આપવાનો આદેશ આપ્યો છે. કહ્યું- જો રેલવે તરફથી કોઈ ભૂલ કે ક્ષતિ ન હોય તો પણ તે વળતર ચૂકવવા માટે જવાબદાર છે. મુસાફર અથવા ટ્રેન સંબંધિત કોઈપણ અપ્રિય ઘટના પર વળતર આપવાની જવાબદારી રેલવે પ્રશાસનની છે.

## નવા સંસદ ભવનનું ઉદ્દઘાટન રાષ્ટ્રપતિએ કરવું જોઈએ : રાહુલ

**(એજન્સી)નવી દિલ્હી,** નવા સંસદ ભવનનાં ઉદ્દઘાટનને લઈને હોબાળો શરૂ થયો છે. આ વિવાદની વચ્ચે હવે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ મોટી વાત કરતા કહ્યું છે કે, રાષ્ટ્રપતિએ સંસદ ભવનની નવી ઈમારતનું ઉદ્દઘાટન કરવું જોઈએ, વડાપ્રધાને નહીં. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૮ મેના રોજ નવા સંસદ ભવનનું ઉદ્દઘાટન કરશે. કોંગ્રેસે સંસદના નવા મકાનને વડાપ્રધાનનો વેનિટી પ્રોજેક્ટ ગણાવ્યો છે. લોકસભાના સ્પીકર ઓમ બિરલાએ વડાપ્રધાન મોદીને મળ્યા અને તેમને નવા બિલ્ડિંગના ઉદ્દઘાટન માટે આમંત્રણ આપ્યું. વડાપ્રધાન દ્વારા નવા બિલ્ડિંગના ઉદ્દઘાટન પર વિપક્ષી નેતાઓ સવાલ ઉઠાવી રહ્યા છે. શા માટે વડાપ્રધાન ને ઉદ્દઘાટન માટે આમંત્રણ આપવામાં આવ્યું ? પીએમ સરકારના વડા છે, સંસદના નહીં. આ ઈમારત જનતાના પૈસાથી બનાવવામાં આવી છે, પીએમ એવું વર્તન કરી રહ્યા છે કે જાણે તેમના 'મિત્ર'ના પૈસાથી નવી સસંદ બનેલ હોય. અસદુદ્દીન ઓવૈસીએ પૂછ્યું કે, વડાપ્રધાન નવા સંસદ ભવનનું ઉદ્દઘાટન કેમ કરે ? લોકસભા અધ્યક્ષ અથવા રાજ્યસભાના અધ્યક્ષે તેનું ઉદ્દઘાટન કરવું જોઈએ. નવી ઈમારતના ઉદ્દઘાટનની જાહેરાત બાદ કોંગ્રેસના પ્રવક્તા જયરામ રમેશે પીએમની સેફ્ટી કેપ સાથેની તસવીર શેર કરી હતી. ટ્વીટમાં તેમણે કહ્યું કે માત્ર આર્કિટેક્ટ, ડિઝાઈનર્સ અને મજૂરો જ ૨૮ મેના રોજ નવી ઈમારતનું ઉદ્દઘાટન કરશે.









# અમેરિકાના રાષ્ટ્રપતિ પીએમ મોદીના ઓટોગ્રાફ માંગે એ ગર્વ લેવાની વાતઃ શાહ

**(એજન્સી)અમદાવાદ,**
અમદાવાદમાં યોજાયેલા રાષ્ટ્રીય મોદી સમાજના સંમેલનમાં કેન્દ્રીય મંત્રી અમિત શાહ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં તેઓએ વડાપ્રધાન મોદીની કાર્યક્ષૈલીના વખાણ કરતા કહ્યું કે, અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડન પણ વડાપ્રધાન મોદીના ઓટોગ્રાફ માંગે છે જે ભારતીય તરીકે ગર્વ લેવા જેવી વાત છે.

આ સિવાય અમિત શાહે કોંગ્રેસને આડેહાથ લેતા કહ્યું કે, ×ઓબીસી સમાજના પ્રશ્ને કોંગ્રસે ક્યારેય સન્માન આપ્યું નથી. કોંગ્રેસે ૫૬ વર્ષમાં ઓબીસી સમાજ માટે કોઈ મોટું કામ નથી કર્યું. જેની સામે ભાજપે સૌ પ્રથમ ઓબીસી પ્રધાનમંત્રી આપવાનું કામ કર્યુ અને આજે દેશની કેબિનેટમાં ૨૭ મંત્રી ઓબીસી સમાજના છે.

બીજી તરફ અમિત શાહે પુર્ણેશ મોદીની રાહુલ ગાંધી સામેની લડતના વખાણ કર્યા હતા. અને કહ્યું કે, પુર્ણેશ મોદીએ એક મજબુત લડાઈ લડી છે, આ અપમાન દેશનું અને સમાજનું છે અને સમાજના સન્માન માટે પૂર્ણેશ મોદી લડાઈ લડ્યા છે.

બે દિવસીય ગુજરાત પ્રવાસે




આવેલા કેન્દ્રીય મંત્રી અમિત શાહે પોતાના મત વિસ્તારમાં નવી આધુનિક હોસ્પિટલ બને તે માટે કટિબદ્ધતા દાખવી હતી. બાવળામાં ટ્રસ્ટ સંચાલિત ત્રિમુર્તી હોસ્પિટલનો વ્યાપ વધારવા અમિત શાહે મદદ માટે તૈયારી બતાવી છે. હોસ્પિટલના ટ્રસ્ટીએ ૪૦ કરોડના ખર્ચે નવી આધુનિક હોસ્પિટલ બનાવવા અંગે અમિત શાહ સાથે ચર્ચા કરી હતી. જેને લઈને અમિત શાહે સરકાર સહિત પોતાના તરફથી મદદ કરવા વચન આપ્યું હતું. આ સિવાય અમિત શાહે પોતાના મત વિસ્તારમાં ૨૦ જેટલી ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલમાં સુવિધા વધારવા કહ્યું હતું. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદમાં કરોડોના વિકાસ કામોની ભેટ આપી છે. એએમસીના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ કરતા તેઓએ નારણપુરાના શાસ્ત્રીનગર ખાતે રૂપિયા ૧.૩૫ કરોડના ખર્ચે તૈયાર થયેલી જીમનેશિયમ અને રૂપિયા ૧.૫૮ કરોડનાં ખર્ચે તૈયાર થયેલી લાઈબ્રેરીને ખુલ્લી મુકી હતી. આ સિવાય ઘાટલોડિયા વોર્ડમાં નવિનિકરણ થયેલા છારોડી તળાવનું પણ લોકાર્પણ કર્યુ હતું. મહત્વનું છે કે આ લોકાર્પણ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## અમદાવાદમાં રાષ્ટ્રીય મોદી સમાજના સંમેલનમાં કેન્દ્રીય મંત્રી અમિત શાહ ઉપસ્થિત રહ્યા

# રાઈટ ટુ એજ્યુકેશન એડમિશનમાં મોટું કૌભાંડ સામે આવતા ચકચાર

**(એજન્સી)ગાંધીનગર,**
થોડા સમય પહેલા રાઈટ ટુ એજ્યુકેશનમાં એડમિશન અપાવવા માટે એજન્ટ્સ સક્રિય થયા હોવાની માહિતી સામે આવી હતી. ત્યારે હવે નવો ખુલાસો થયો છે. રાઈટ ટુ એજ્યુકેશનમાં એડમિશનનનું નવુ કૌભાંડ સામે આવ્યું છે. આ યોજના હકીકતમાં પછાત અને ગરીબ વર્ગના બાળકોને મફત શિક્ષણ આપવા માટેની છે. પરંતુ હવે ધનવાન પરિવારના વાલીઓ પોતાના સંતાનોને આ રીતે એડમિશન અપાવી રહ્યાં છે. અમીર પરિવારો તેનો લાભ લઈ રહ્યાં છે. એક આંકડો સામે આવ્યો છે કે, ગુજરાતમાં ૪૫૦૦ થી વધુ આર્થિક સદ્ધર પરિવારના

### રાજકોટમાં ગયા વર્ષે ધો.૧ ભણી ચૂકેલા કેટલાંક બાળકોને આ વર્ષે ફરીથી પ્રવેશ અપાયો

બાળકોએ RTE હેઠળ ધોરણ-૧ માં પ્રવેશ લીધો છે. તો ઊંચી ફી ભરીને ધોરણ ૧ ભણી ગયેલા રાજકોટના ૫૦૦ બાળકોએ એડમિશન મેળવ્યું છે. આ આંકડો ચોંકાવનારો છે.

રાઈટ ટુ એજ્યુકેશનમાં હાલ મસમોટા કૌભાંડો ચાલી રહ્યાં છે. એજન્ટ રાજ બાદ હવે નવા કૌભાંડનો આંકડો ચોંકાવનારો છે. ગુજરાતભરની અનેક શાળાઓમાં વાલીઓએ તેમના સંતાનોને આ રીતે પ્રવેશ અપાવ્યો છે. ગુજરાતમાં આવા અંદાજે ૪૫૦૦ કે તેથી વધુ બાળકો છે. ગયા વર્ષે ધો.૧ ભણી ચૂકેલા બાળકોનો આ વર્ષે ફરી પ્રવેશ ફાળવાયો હોય એવા રાજકોટમાં ૪૦૦થી ૫૦૦ બાળકો છે. વાલીઓએ નામના સ્પેલિંગમાં નજીવો ફેરફાર કરીને અથવા જન્મતારીખ બદલીને ફોર્મ ભર્યું હતું. શાળા કક્ષાએ હવે ચકાસણી કરીને આવા પ્રવેશ રદ કરવા શિક્ષણ વિભાગ દ્વારા આદેશ કરાવવા જોઈએ. પરંતુ તેમ છતા કોઈ પગલા લેવાતા નથી. આવા લોકોનું ફોર્મ પણ માન્ય થઈ રહ્યું છે, તેમને સરકાર દ્વારા પ્રવેશ પણ ફાળવી દેવાયો, સ્કૂલ પણ ફાળવી દેવામાં આવી.

રાઈટ ટુ એજ્યુકેશન એટલે કે શિક્ષણના અધિકાર હેઠળ બાળકને શાળામાં પ્રવેશ અપાવવામાં પણ એજન્ટ રાજ વ્યાપી ચૂક્યું છે. ઈઈમાં એડમીશન અપાવવાના નામે એજન્ટો સક્રિય થયા છે. ઈઈ ઝછહ્વઈ નામની આ વેબસાઈટ તેનો પુરાવો છે. પરંતુ ઈઈ પ્રવેશ માટે એજન્ટ દેખાય તો હ્વઈ ને ફરિયાદ કરી શકાશે. કોઈની સાથે નાણાંની લેવડ-દેવડ ન કરવા શિક્ષણ વિભાગે અપીલ કરી છે. મનગમતી સ્કૂલમાં પ્રવેશ માટે રૂપિયા આપવાની કોઈ જરૂર નથી તેવુ પણ કહ્યું.

# સીએમના પીઆરઓના પુત્રનું માર્ગ અકસ્માતમાં મૃત્યુ

**(એજન્સી)વડોદરા,**
રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના પીઆરઓના પુત્રનું વડોદરા નજીક માર્ગ અકસ્માતમાં મૃત્યુ થયાના અહેવાલ છે. મીડિયા રિપોર્ટ અનુસાર ગત રાતે થયેલા અકસ્માતમાં એક યુવકનું મૃત્યુ જ્યારે બેને ઈજા થતાં સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. મૃતકની ઓળખ સીએમઓના પીઆરઓના પુત્ર વશિષ્ઠ વૈષ્ણવ તરીકે કરવામાં આવી છે. રાતે જ મૃતકનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યા બાદ પરિવારને મૃતદેહ સોંપવામાં આવ્યો હતો. બનાવને પગલે સ્થાનિક પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર વડોદરા જિલ્લાના કરજણ તાલુકાના દેથાણ પાસે નેશનલ હાઈવે પર કારને અજાણ્યા વાહને ટક્કર મારતા સીએમના પીઆરઓના પુત્ર વશિષ્ઠ વૈષ્ણવનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. આમ તો રાતે પોસ્ટમોર્ટમ કરવામાં આવતું નથી. પરંતુ સીએમના પીઆરઓના પુત્રનું મૃત્યુ થયું હોવાથી રાત્રે જ પોસ્ટમોર્ટમ કરીને પરિવારને મૃતદેહ સોંપી દેવાયો હતો. ત્યારબાદ વશિષ્ઠના મૃતદેહને અને અકસ્માતમા ઈજા પામેલા બે લોકોને સારવાર માટે ગાંધીનગર લઈ જવામાં આવ્યા હતા.

# પોળોના જંગલમાં ફરવા આવેલા યુવકનું મોત

**(એજન્સી)ડીસા,**
વિજયનગરના પોળોમાં પ્રવાસી યુવાન સાથે મોટી દુર્ઘટના બની છે. વિજયનગરના પોળોમાં મિત્રો સાથે ફરવા આવેલા પ્રવાસી યુવાનનું પાણીમાં ડૂબી જવાથી કરૂણ મોત નિપજ્યું છે. આણંદથી નવ મિત્રો ઈકો લઈને વિજયનગરના પોળોમાં ફરવા આવ્યા હતા. તે દરમિયાન પોળોમાં દરગાહ નજીક નદીમાં પાંચ મિત્રો કાળઝાળ ગરમીમાં ઠંડક મેળવવા માટે નાહવા પડયા હતા. નાહવા પડેલ યુવાનો પૈકી અરસીલ વોરા પાણીમાં ડૂબી જતા તેનું મોત થયું છે. આ ઘટનાની માહિતી મળતા જ વિજયનગર પોલીસ તેમજ ફાયર વિભાગ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. વિજયનગર પોલીસ સ્ટેશનના ય્ઇઙ્ઘના જવાને મૃત યુવાનને પાણીમાંથી બહાર કાઢ્યો હતો. પોલીસે વિજયનગર સરકારી હોસ્પિટલમાં લાશને પીએમ માટે ખસેડી હતી. આ ઘટનાની મળતી માહિતી પ્રમાણે, વિજયનગરના પોળોમાં ફરવા આવેલા એક યુવાનનું મોત થયું છે. આણંદથી નવ મિત્રો ઈકો લઈને પોળોમાં ફરવા આવ્યા હતા. પોળોમાં દરગાહ નજીક નદીમાં પાચ મિત્રો ન્હાવા પડયા હતા. આ દરમિયાન અરસીલ વોરા નામના યુવકનું ડૂબી જવાથી મોત થયું હતું.

# અમદાવાદમાં ૪ દિવસ માટે યલો એલર્ટ

**(એજન્સી)અમદાવાદ,**
ગુજરાતમાં આગામી ૪૮ કલાક રાજ્યમાં ગરમીનો પ્રકોપ યથાવત રહેશે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે રાજ્યમાં આગામી ૫ દિવસ વાતાવરણ સૂકું રહશે. તો અમદાવાદમાં ૪ દિવસ માટે યલો એલર્ટ આપવામાં આવ્યું છે. ૨૪ મે બાદ તાપમાનમાં ૧થી ૨ ડિગ્રીનો ઘટાડો નોંધાશે તેવું હવામાન વિભાગે જણાવ્યું છે. ૩ દિવસ બાદ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અસરથી તાપમાન ઘટશે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે વાતાવરણમાં ભેજ વધતો હોવાથી તાપમાન ૪૨ થી ૪૩ ડિગ્રી આસપાસ રહેશે.

બંગાળની ખાડી કે અરબી સમુદ્રમાં સિસ્ટમ બને તો તેની અસર ગુજરાતના વાતાવરણ પર થતી હોય છે. પરંતુ હવામાન વિભાગે આગામી ૪ દિવસ રાજ્યનું હવામા સૂકું રહેવાની સંભાવનાઓ વ્યક્ત કરી છે. રાજ્યમાં ૪ દિવસ કાળઝાળ ગરમીની આગાહી કરતા ફરી અમદાવાદીઓ કાળઝાળ ગરમીથી ત્રાહિમામ પોકારી ઉઠશે. અમદાવાદમાં ૪૩ ડિગ્રીની ગરમી સાથે ઓરેન્જ અલર્ટ અપાયું છે. પશ્ચિમ તરફથી પવન ફૂંકાતાં તાપમાનમાં ફેરફાર થઈ રહ્યો છે.

હવામાન વિભાગે આગાહી કરતા જણાવ્યું છે કે, રાજ્યમાં આગામી ૫ દિવસ કાળઝાળ ગરમી પડશે. ૫ દિવસ સૂકા વાતાવરણ સાથે ગરમી રહેશે. અમદાવાદમાં આજે ઓરેન્જ અલર્ટ આપવામાં આવ્યું છે. જેના કારણે ગરમીનો પારો આજે ૪૩ ડિગ્રીની આસપાસ રહેશે. અમદાવાદમાં ૨૪ કલાક બાદ ૧ ડિગ્રી તાપમાન ઘટશે.

પશ્ચિમ તરફથી પવન ફૂંકાઈ રહ્યા હોવાથી ગુજરાતના તાપમાનમાં ફેરફાર થઈ રહ્યો છે. આંદામાન-નિકોબારમાં ચોમાસામાનું આગમન થયું છે. ચોમાસું આગળ વધવા માટે પરિસ્થિતિ સાનુકૂળ છે. આંદામાન અને નિકોબારમાં વરસાદ જોવા મળ્યો છે એટલે ચોમાસું ઓનસેટ થઈ ગયું હોવાની સંભાવના છે પરંતુ તે કેરળ ક્યારે પહોંચશે તે અંગે હાલ કહેવું ઉતાવળભર્યું રહેશે તેમ હવામાન વિભાગે જણાવ્યું છે.

બીજી બાજુ, આગામી ચાર દિવસ દરમિયાન ભેજનું પ્રમાણ રહેશે પરંતુ વરસાદ થવાની કોઈ સંભાવના ના હોવાનું હવામાન વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે.

આજે પણ રાજ્યમાં દક્ષિણ-પશ્ચિમી પવન ફૂંકાઈ રહ્યા છે. આ પવનો અરબી સમુદ્ર પરથી આવતા હોવાથી ભેજ લઈને આવે છે. ગરમીની સાથે ભેજ હોવાથી લોકોને બંધ જગ્યા પર ભારે અકળામણ જેવી અનુભૂતિ થતી હોય છે. જમીન સૂકી થઈ હોવાથી તાપમાનમાં વધારો થઈ રહ્યો છે, જોકે, ભેજનું પ્રમાણ વધવા લાગશે તેમ તાપમાનમાં સામાન્ય ઘટાડો થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.



ઉનાળામાં અથાણાની કેરી માર્કેટમાં આવી ગયેલ છે જેની લોકો ખરીદી કરી રહેલ છે.(તસવીર :જયેશમોદી)

# રથયાત્રા પહેલા આતંકી હુમલાની ભીતિ !

**(એજન્સી)અમદાવાદ,**
ગુજરાતમાં હાલ રથયાત્રાની તૈયારીઓ ચાલી રહી છે. પંરતુ તે પહેલા મોટી હલચલ થઈ છે. રથયાત્રા પહેલા જ આતંકી હુમલાની ભીતિ સેવાઈ રહી છે. કારણ કે, અમદાવાદના નારોલ વિસ્તારમાંથી ૩ શંકાસ્પદ લોકોની અટકાયત ગુજરાત એટીએસ દ્વારા કરવામાં આવી છે. સુરક્ષા એજન્સીના ઈનપુટ બાદ ગુપ્ત ઓપરેશન હાથ ધરાયુ હતું, જેના બાદ આ અટકાયત કરાઈ છે.

IB ના એલર્ટ બાદ ગુજરાત એટીએસએ મોટી કાર્યવાહી હાથ ધરી હતી. નારોલમાંથી ૩ શંકાસ્પદ યુવકોની અટકાયત કરવામાં આવી છે. બાંગ્લાદેશ અને પાકિસ્તાન કનેક્શનના આધારે આ કાર્યવાહી કરવામાં આવી છે. હુમલાના ઈનપુટ મળ્યા બાદ આ કાર્યવાહી કરવામાં આવી હતી. અટકાયત કરેલા ૩ યુવકો સાથે સંકળાયેલા અન્ય લોકોની પુછપરછ હાથ ધરવામાં આવી છે. પકડાયેલા ૩ યુવકો બાંગ્લાદેશી હોવાનું સામે આવ્યું છે. આ યુવકો કેવી રીતે ગુજરાત આવ્યા અને શા માટે આવ્યા તેની તપાસ હાથ ધરાઈ છે. જોકે, આ અટકાયત ગુજરાત પોલીસ માટે ટેન્શન અપાવે તેવી છે. કારણ કે, હાલ રથયાત્રાની તૈયારીઓ ચાલી રહી છે. ગુજરાતના અનેક શહેરોમા રથયાત્રા નીકળે છે. જેમાં અમદાવાદની રથયાત્રા સૌથી મોટી હોય છે. આવામાં ગુજરાતમાં કોઈ આતંકી સળવળાટ થાય તો તે ભયનો માહોલ પેદા કરી શકે છે. રાજ્યની સુરક્ષા એજન્સીએ ગુપ્ત રીતે આ ઓપરેશન પાર પાડ્યું હતું. આ મામલે સ્થાનિક પોલીસ કે અમદાવાદની ન્ય એજન્સીઓને પણ કાનોકાન ખબર પડવા દીધી ન હતી. ઈન્ટેલિજન્સના ઈનપુટના આધારે આ અટકાયત કરવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, નારોલના ઔદ્યોગિક વિસ્તારમાંથી ત્રણ શકમંદોની ધરપકડ કરવામાં આવી છે. નારોલ અને ચંડોળા તળાવની આસપાસ પહેલાથી જ અનેક બાંગ્લાદેશીઓ ગેરકાયદેસર રીતે વસે છે. તેથી છેલ્લા કેટલાક સમયથી આ વિસ્તારમાં સુરક્ષા એજન્સીઓનું સર્વેલન્સ ચાલી રહ્યુ હતું. આખરે ઈનપુટના આધારે ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

# સમૂહલગ્ન સમારોહમાં ૩૪ કિશોર-કિશોરીના બાળલગ્ન અટકાવી દેવાયા

**(એજન્સી)અમદાવાદ,**
અમદાવાદ સહિત ગુજરાત આખામાં બાળ લગ્ન અટકાવવા માટે ઝૂંબેશ હાથ ધરવામાં આવી છે. આ અંગે કોઈ પણ વિસ્તારમાં બાળ લગ્ન અંગે જાણ થાય તો સમાજ સુરક્ષા વિભાગને ફરિયાદ કરી શકાશે. આ બાબતે સમુહ લગ્નના સ્થળોએ પણ સરપ્રાઈઝ ચેકીંગ થઈ રહ્યું છે. એવામાં અમદાવાદમાં યોજાયેલ સમૂહ લગ્નમાં લગ્ન પ્રતિબંધક કચેરી અને જિલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં બાળ લગ્ન થતા અટકાવી દેવામાં આવ્યા છે.

અમદાવાદમાં બાળ લગ્ન અંગે લગ્ન પ્રતિબંધક કચેરી અને જિલ્લા બાળ સુરક્ષા એકમ મોટી સફળતા મળી છે. લગ્ન પ્રતિબંધક કચેરી અને જિલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા બાળ લગ્ન થતા અટકાવવામાં આવ્યા છે. અહીં કુલ ૩૪ જેટલા નાની ઉંમરના કિશોર કિશોરીઓ લગ્નમાં સામેલ હતા. સમૂહલગ્નનાં આયોજનમાં ૧૮ વર્ષથી નાની ઉમરના કિશોર કિશોરીઓ સામેલ હતા.

અમદાવાદમાં લગ્નપ્રતિબંધક કચેરી અને જિલ્લા બાળ સુરક્ષા એકમે કાર્યવાહી કરી છે. બન્ને ટીમોએ મળીને કુલ ૩૪ જેટલા કિશોર અને કિશોરીના બાળલગ્ન થતા અટકાવ્યા છે. અમદાવાદમાં આજે એક સમૂહ લગ્ન સમારોહમાં આ કિશોર અને કિશોરીઓના લગ્નનું આયોજન કરાયું હતું. સમગ્ર બાબત ધ્યાને આવતા લગ્ન પ્રતિબંધત કચેરી અને જિલ્લા બાળ સુરક્ષા એકમે કાર્યવાહી કરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, અમદાવાદના વટવા વિસ્તારમાં આવેલા ચુનારાવાસમાં દેવિપૂજક પ્રગતિ મંડળ દ્વારા ૧૧માં સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વટવા વિધાનસભાના ધારાસભ્ય બાબુસિંહ જાધવ, પૂર્વ ગૃહરાજ્ય મંત્રી પ્રદિપસિંહ જાડેજા, અમદાવાદ પૂર્વના સંસદ સભ્ય હસમુખભાઈ પટેલ, બાપુનગર વિધાનસભાના ધારાસભ્ય દિનેશભાઈ કુશવાહને પણ મુખ્ય મહેમાન તરીકે આમંત્રિત કરાયા હતા. જોકે તે પહેલા જ લગ્ન પ્રતિબંધક કચેરી અને જિલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા ૩૪ જેટલા કિશોર-કિશોરીઓના બાળ લગ્ન થતા અટકાવવામાં આવ્યા છે. ઉલ્લેખનિય છે કે, બાળ લગ્ન પ્રતિબંધ અધિનીયમ મુજબ છોકરીના લગ્ન ૧૮ વર્ષ પહેલા અને છોકરાના લગ્ન ૨૧ વર્ષ થાય તો સજાને પાત્ર ગુનો બને છે. અત્રે ઉલ્લેખનીય છે કે, હજુ પણ ગામડાઓ અને ઘણા બધા સમાજોમાં બાળ લગ્નો કરવામાં આવે છે. આ લગ્નો કાયદાકીય રીતે ગુનો બને છે. જો તમે જાગૃત નાગરિક છો અને બાળકોની જિંદગી બચાવવા માંગો છે તો તમારા ધ્યાનમાં આવે તો લગ્ન પ્રતિબંધક કચેરી અને જિલ્લા બાળ સુરક્ષા એકમ જાણ કરો.

# પાંચ કરોડના ખર્ચે બનેલો સીએનજી પંપ બે વર્ષથી નિષ્ક્રિય

**(એજન્સી)જુનાગઢ,**
૨ વર્ષ પહેલાં જૂનાગઢમાં સીએનજી પંપ શરૂ થાય અને મનપાને આવક મળે તે માટે કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. જેમાં જુનાગઢ મહાનગરપાલિકા દ્વારા ડમ્પિંગ સાઈટ પર ભીનો અને સૂકો કચરો અલગ કરી અને તેમાંથી ઝદ્બઠ ગેસ ઉત્પન્ન કરવા માટેની કાર્યવાહી કરવા એક પ્લાન્ટનું નિર્માણ કરવામાં આવ્યું હતું. આ પ્લાન્ટમાં ઝદ્બઠ ગેસ હજી સુધી ભરવામાં આવ્યો નથી પરંતુ આ ગેસ પ્લાન્ટનો જે ખર્ચો છે તે ૫ કરોડ સુધીનો છે પણ આ પ્લાન્ટ હાલ ધૂળ ખાઈ રહ્યો છે. આ સીએનજી પંપ શરૂ કરી અને ડમ્પિંગ યાર્ડમાં રહેલો કચરો પણ ઓછો થાય અને આ કચરાનો સારો ઉપયોગ થાય તે માટે આ ઝદ્બઠ પંપ શરૂ કરવાનો હતો અને તેમાં ઉત્પન્ન થતા ગેસથી જુનાગઢ મહાનગરપાલિકાને આવક પણ થાય તે પ્રકારે આયોજન હતું પરંતુ હાલ છેલ્લા બે વર્ષથી આ પંપ બંધ હાલતમાં છે. તમામ સાધનો હાલ તો ધૂળ ખાઈ રહ્યા છે કોઈપણ પ્રકારની તસ્દી આ સાધનોને સંભાળ રાખવામાં આવી નથી. જેથી હજુ સુધી આજે પ્લાન્ટ બેસાડવામાં આવ્યો છે તેમાં એક પણ વખત ગેસ ભરાયો નથી ત્યાં સુદ્ધાં કે આ પ્લાન્ટની અમુક વસ્તુઓ પણ હાલ ધૂળથી ખરાબ થઈ ગઈ છે અને તૂટી ગઈ છે. જુનાગઢ મહા નગરપાલિકાના સ્ટે. કમિટી ચેરમેન હરેશ પરસાણાએ જણાવ્યું કે, હવે થોડા દિવસોમાં જ આ ભીનો અને સૂકો કચરો અલગ થાય તે બાદ આ પ્લાન્ટ શરૂ કરવામાં આવશે થોડા દિવસોની અંદર જ હવે આ પ્લાન્ટ આવી જશે જેમાં ભીનો કચરો અને સૂકો કચરો અલગ થાય જેથી ભીના કચરામાંથી ઝદ્બઠ ઉત્પન્ન થઈ શકે જે કોઈ પણ બગડેલા સાધનો હશે તેની મેન્ટેનન્સની જવાબદારી પણ જે તે કંપનીની છે તેથી જો કોઈ સાધનો ખરાબ હશે તો તે પણ હવે કંપની બદલી આપશે આવનારા દિવસોમાં આ પ્લાન્ટ કાર્યરત થઈ જશે.

# ડાકોરમાં પોલીસકર્મીની દીકરીનો આપઘાત

**(એજન્સી)ડાકોર,**
ગુજરાતમાં પ્રેમ સંબંધમાં લોકો તમામ હદો વટાવી દેતા હોય છે. તેવામાં ડાકોર વિસ્તારમાં પોલીસ કર્મીની યુવાન પુત્રીએ સુસાઈડ કર્યું છે. જોકે આની પાછળ પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે આ યુવતીનું વિધર્મી યુવક સાથે અફેર હતું. પરંતુ અંગત કારણોસર બંને વચ્ચે મતભેદ થતા તેમને સંબંધનો અંત લાવ્યો હતો. એટલું જ નહીં પોલીસે આ પગલે વધુ તપાસ હાથ ધરી દીધી છે. વિગતો પ્રમાણે યુવતીને વિધર્મી યુવક દ્વારા સતત ત્રાસ આપવામાં આવતો હતો. કોલ રેકોર્ડિંગ્સ સામે આવતા ચકચાર મચી ગઈ. ડાકોરમાં પોલીસકર્મીની દીકરીએ જીવન ટૂંકાવી દીધું છે. આ અંગે પોલીસે વધુ વિગતો મેળવી તપાસ શરૂ કરી દીધી છે. તેવામાં સામે આવ્યું છે કે ખેડામાં વિધર્મી યુવકે તેને સૌથી પહેલા પ્રેમજાળમાં ફસાવી હતી. બંને વચ્ચે સારા સંબંધો પણ હતા. તેવામાં યુવતીએ સમય જતા બંને વચ્ચેના સંબંધોનો અંત લાવવા માટે જણાવ્યું હતું. ત્યારપછી મામલો બિચક્યો હતો અને જોવાજેવી થઈ હતી.

# ગુજરાત ન્યુઝ અપડેટ્સ

## સુરતના પાસોદ્રા વિસ્તારમાં જુગારધામ પોલીસે ઝડપ્યું

**(એજન્સી)સુરત,**
ઓછા સમયમાં વધુ પૈસા કમાઈ લેવા માટે લોકો જુગારધામના રવાડે ચઢતા હોય છે. ત્યારે સુરતમાં ફરી એક વાર જુગારધામ ઝડપાયું છે. પાસોદ્રા વિસ્તારમાં પોલીસે દરોડા પાડીને ચાલતું જુગારધામ ઝડપી પાડ્યું છે. પોલીસે જ્યારે જુગારધામ પર દરોડા પાડ્યા ત્યારે પુરૂષ કરતા વધારે મહિલાઓ જુગાર રમતી ઝડપાઈ છે. પોલીસે જુગાર રમતી ૬ મહિલા અને ૩ પુરૂષને પકડીને કાર્યવાહી હાથ ધરી છે. ઘટનાસ્થળેથી ૧.૭૯ લાખનો મુદ્દામાલ પણ જપ્ત કરી લેવામાં આવ્યો છે. અવારનવાર પોલીસ દરોડા પાડીને કેટલાંક જુગારધામ ઝડપીને કાર્યવાહી કરે છે. તે બાદ પણ હાર-જીત પર લાખો રૂપિયાનો જુગાર રમાતો હોય છે. જુગારીઓને કોઈ પણ પ્રકારનો ભય રહ્યો જ નથી. હાલ તો પોલીસે આરોપીઓ સામે કાર્યવાહી હાથ ધરી છે. તો બીજી તરફ આ અગાઉ અમદાવાદમાં ખાડિયા પોલીસે મોટી કામગીરી કરતા યંત્રોના ચિત્રો ઉપર ચાલતું જુગારધામ ઝડપી પાડ્યું હતું. નિમેષ ચૌહાણ નામનો શખ્સ રાયપુર આકાશેઠ કુવાની પોળમાં જુગારધામ ચલાવતો હતો. એલ.ઈ.ડી. સ્ક્રીન ઉપર દર ૧૫ મિનિટે ડ્રો કરીને જુગાર રમાડતો હતો. લોકોને અહીં ૧૦ ગણા રૂપિયા જીતવાની લાલચ આપીને જુગારધામ ચલાવવામાં આવતું હતું.

## ચોરે ચોરી કર્યા બાદ એક ચીઠ્ઠીમાં નામ અને મોબાઈલ નંબર લખીને મુક્યો

**(એજન્સી)ઝાલોદ,**
ઝાલોદ શહેરમાં ચોરીનો ગજબનો બનાવ બન્યો છે. એક ચોરે પોલીસને ખુલ્લેઆમ પડકાર ફેંક્યો છે. ચોરે ચોરી કર્યા બાદ પોલીસ માટે ચીઠ્ઠી મૂકી હતી. ચોરે ચીટ્ઠી મૂકીને પોલીસને ખુલ્લો પડકાર આપ્યો છે. ચોરે નામ અને નંબર સાથેની ચીઠ્ઠી લખીને છોડી હતી. જે જોઈને પોલીસ પણ હચમચી ગઈ હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, ઝાલોદમાં એક ચોરીનો બનાવ બન્યો હતો. ઝાલોદાન રાજ મોટર્સ નામના શો રૂમમાં કેટલાક તસ્કરો ત્રાટક્યા હતા. શો રૂમમાંથી રોકડ રૂપિયા, ટેબલેટ સહીત કેટલાક સામાન ચોરી કરીને તેઓ ભાગ્યા હતા. તેમજ શો રૂમમાં લગાવેલા સીસીટીવીના ડીવીઆર પણ લઈને લૂંટારુઓ ભાગી ગયા હતા. જેથી પોલીસને કોઈ પુરાવા ન મળે. પરંતુ તસ્કરોએ ચોરી કરી ફરાર થતાં પહેલા શોરૂમના દરવાજે પોલીસને પડકાર ફેંકતી એક ચિઠ્ઠી ચોંટાડી હતી.

## સુરતમાં ડમ્પર નીચે કચડાતા યુવકનું મોત નિપજ્યું

**(એજન્સી)સુરત,**
સુરતના પાંડેસરા વિસ્તારમાં એક ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. જેમાં રસ્તા પરથી જઈ રહેલા ડમ્પરની નીચે અચાનક આવીને એક યુવકે આપઘાત કરી લીધો હતો. આ સમગ્ર ઘટના નજીકમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ જવા પામી હતી.ત્યારે આ સમગ્ર મામલે પાંડેસરા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, સુરતના પાંડેસરા તિરુપતિ સર્કલથી અલથાણ તરફ જતા રોડ પર એક ડમ્પર પસાર થઈ રહ્યું હતું. ડમ્પર રોડની સાઈડથી યુ ટર્ન લઈને આવી રહ્યું હતું, તે દરમ્યાન રસ્તાની સાઈડ પર ચાલતા જઈ રહેલા યુવક અચાનક જ ડમ્પરના ટાયર નીચે કૂદી પડ્યો હતો. ત્યારે ડમ્પરનું ટાયર તેના શરીર પરથી ફરી વળતાં યુવકનું ઘટના સ્થળ મોત નિપજ્યું હતું.

# બનાસ ડેરીએ શરૂ કરી રાજ્યની પહેલી મધ ટેસ્ટિંગ લેબોરેટરી

**(એજન્સી)અમદાવાદ,**
મધમાખી દિવસની ઉજવણી નિમિતે બનાસ ડેરી, એનબીબી અને રાષ્ટ્રીય મધ બોર્ડના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ કાર્યક્રમમાં કેન્દ્રીય કૃષિ અને કિસાન કલ્યાણ મંત્રી નરેન્દ્રસિંહ તોમરની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં બાદરપુરા બનાસ સંકુલ ખાતે રૂ. ૧.૦૦ કરોડના ખર્ચથી નિર્મિત રાજ્યની સૌ પ્રથમ મધ લેબનું વિધાનસભાના અધ્યક્ષ અને બનાસ ડેરીના ચેરમેન શંકર ચૌધરીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

બનાસ ડેરીના બાદરપુરા સંકુલ ખાતે યોજાયેલા આજે આ કાર્યક્રમમાં જિલ્લામાંથી મધમાખી ઉછેર કરી મધ ઉત્પાદન કરતા ખેડૂતો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ ખેડૂતોએ વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી સાથે સીધી વાત કરી હતી. તેમજ તેઓને મધમાખી ઉછેર સમય પડતી મુશ્કેલીઓ તેમજ તેમણે કરેલા આ વ્યવસાય થકી તેમના જીવનમાં થયેલા પરિવર્તનના અનુભવો વ્યક્ત કર્યા હતા.

આ પ્રસંગે બાદારપુરા ખાતે વિધાનસભાના અધ્યક્ષ અને બનાસ ડેરીના ચેરમેન શંકર ચૌધરીએ જણાવ્યું હતું કે બનાસના પશુપાલકોની આવક વધારવા વધુમાં વધુ પશુપાલકોને મધુમાખી પાલનના વ્યવસાયમાં જોડાય તે જરૂરી છે. મહિલાઓની ભાગીદારી વિશેષ હોય તો આ વ્યવસાયને વધુ આગળ લઈ જઈ શકાય છે. આ વર્ષે બનાસ ડેરીમાં વર્ષ ૨૦૨૨-૨૩ માં ૯૮ ટન મધની આવક થઈ છે. ગુણવત્તાયુક્ત મધના ઉત્પાદન થકી બનાસ સમગ્ર રાજ્યમાં અને દેશમાં અગ્રેસર બને તેવી સ્થિતિનું નિર્માણ કરવું છે. જેથી બનાસકાંઠાના લોકોને રોજગારી મળશે. રૂ. ૧ કરોડના ખર્ચથી નિર્માણ પામેલ બનાસ મધ ટેસ્ટિંગ લેબોરેટરીમાં સમગ્ર ગુજરાતના લોકો મધનું ટેસ્ટિંગ કરાવી શકશે. તેમણે મધુમાખી પાલનના વ્યવસાય જોડાયેલા સાથે ખેડૂતોને મધમાખી ઉછેરના બોક્ષથી લઈ તમામ બાબતે સહકાર આપવાની શંકર ચૌધરીએ ખાતરી આપી હતી. દૂધની જેમ સહકાર થકી મધમાખી ઉછેરમાં પણ બનાસ અગ્રેસર બને તેવો મક્કમ નિર્ધાર બનાસ ડેરીએ કર્યો છે.



(તસવીર :જયેશમોદી)
પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની રવિવારે પુણ્યતિથિ હતી. કોંગ્રેસ દ્વારા તેમની પ્રતિમાને પુષ્પાંજલી પણ કરવામાં આવી ન હતી.

વિઝીટનો કોઇ ચાર્જ નથી
વોટર પ્રુફીંગ સ્પેશિયાલિસ્ટ બ્રાઇટ મેજીક ઇટાલીયન માર્બલ પેસ્ટ
આપ ઘર-ઓફીસમાં કલર કરવા ઇચ્છો છો
● ધાબાનો અને ટાંકીનો લીકેજ કામખાતરી પૂર્વ કરી આપી છીએ.
● માર્બલ પેસ્ટ દિવાલ અને સીલીંગને મજબુત કરવાનું કેમીકલ છે.
● દિવાલ અને સીલીંગને લગાવ્યા બાદ માર્બલ જેવું દેખાય છે.
● માર્બલ પેસ્ટ કરવ્યા પછી ભેજ આવતો નથી.
● દર વર્ષે કરાવવું પડતું નથી. ૫-૧૦ વર્ષ આસાનીથી ચાલે છે
૫ વર્ષની વોરંટી
એક જ ફોન કરો માણસ તમારા ત્યાં આવી જશે.
માર્બલ પેસ્ટ દરેક માર્બલ ડિઝાઇનમાં બનાવી આપીએ છીએ.
અમદાવાદ : ૯૩૭૭૯૯૮૭૧૭, ૯૭૨૪૫૦૨૧૫૬, ૯૮૭૯૫૦૬૦૬૮
website : www.brightmegaicitalian.com
પેમેન્ટ ચેકથી કરવું.
ડુપ્લીકેટ માર્બલ પેસ્ટથી સાવધાન